# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-11-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## નાયબ મુખ્યમંત્રી : છેર ગામે જવાનો સાથે રાષ્ટ્રગાન કર્યું

**વંદે માતરમ્" ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ લખપત તાલુકાના મોટી છેર ગામની બોર્ડર આઉટ પોસ્ટ ખાતે જવાનો સાથે રાષ્ટ્રગીતનું સમૂહગાન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જવાનો સહિત ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓ સાથે શપથ લઈને "સ્વદેશી અપનાવવા" આહ્વાન કર્યું હતું.**

**આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ BSF જવાનો સાથે સંવાદ કર્યો હતો ચાય પે ચર્ચા કરી હતી. ત્યારબાદ બાદ નાયબ મુખ્યમંત્રીએ ભુજ કમલમ્ ખાતે પક્ષના કાર્યકરો અને પદાધિકારીને મળ્યા હતા.**

**------------------------------------------------------------------------------------------**

## ના.મુખ્યમંત્રી સહિત 30 આઇપીએસ અધિકારીઓ સરહદી ગામોની મુલાકાતે

**સરહદી કચ્છ જિલ્લામાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત 30 વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ છેવાડે આવેલા ગામોની મુલાકાત લીધી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી લખપત તાલુકાના કપુરાશી ગામ ખાતે કપૂરાશી અને કોરિયાણી ગ્રામજનો સાથે સંવાદ કરીને 'ખાટલા બેઠક'માં સહભાગી થયા હતા. જ્યારે રાજ્યના ડીજીપી વિકાસ સહાય ખાવડા વિસ્તારમાં આવેલ ગામોની મુલાકાત લીધી હતી અને કુરન ગામમાં રાત્રી રોકાણ કરી ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો.**

સુરત શહેર પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે સરહદી ગામો હાજીપીર, ભીટારા અને આસપાસના વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે આ ગામોના ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ મુલાકાત દરમિયાન, કમિશનર અનુપમ સિંહ ગેહલોતે હાજીપીર દરગાહ પર માથું ટેકવી સૌના કલ્યાણ માટે દુઆ માંગી હતી.

ધોરડો ખાતે ડીઆઈજી વિકાસ વાઘેલાએ વિકાસ અને સુરક્ષાના સમન્વયનો સંવાદ કર્યો હતો. જ્યારે એડીશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ ગુજરાત રાજુ ભાર્ગવે સરહદી વિસ્તારના મૌવાણા ગામની મુલાકાત લીધી હતી.

---------------------------------------------------------------------------------------------

## વંદે માતરમને 150 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઉજવણી

આજે રાષ્ટ્રીય ગીત “વંદે માતરમ્”ની રચનાના દોઢ સો વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાષ્ટ્રવ્યાપી ઉજવણી થઇ રહી છે. વિવિધ સરકારી કચેરીઓ અને વિવિધ સ્થળોએ રાષ્ટ્રગીતનું સમૂહગાન અને સ્વદેશી અપનાવવાના શપથ લેવામાં આવ્યા હતા. અંજારના દબડાની પ્રાથમિક શાળા નં. 6 ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી ત્રિકમભાઇ છાંગાના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રગીતનું સમૂહ પઠન અને "સ્વદેશી અભિયાન" અંતર્ગત શપથ લેવામાં આવ્યા હતા.

ઉપરાંત રાજયકક્ષાએ 7 નવેમ્બરથી 26 નવેમ્બર સુધી રાષ્ટ્ર ગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે. આ ઉજવણીના અનુસંધાને 26 નવેમ્બર સુધી સુધી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકા, પોલીસ વડાની કચેરી, જિલ્લાના મુખ્ય મથકના જાહેર સ્થળો, સરકારી કચેરીઓ ખાતે સમૂહ ગાન તથા સ્વદેશીની શપથ લેવામાં આવશે. ઉપરાંત શાળા, કોલેજો ખાતે સેમીનાર, વકતૃત્વ સ્પર્ધા, ચર્ચાસત્ર, યુવા મેરાથોનનું આયોજન કરાશે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છી સાહિત્ય કલા સંઘ અને કચ્છ યુનિ. વચ્ચે કરાર

કચ્છી ભાષા સાહિત્ય સંશોધન પ્રચાર તથા સંવર્ધન હેતુ કચ્છ યુનિવર્સિટી તથા કચ્છી સાહિત્ય કલા સંઘ વચ્ચે પૂંજલદાદાના અખાડા, મોરઝર ખાતે સમજૂતી કરાર કરાયો હતો. કચ્છી સાહિત્ય કલાસંઘના પ્રમુખ દિલીપ રાજા કાપડી તથા કચ્છ યુનિવર્સિટીના કુલપતિ મોહનભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરાર કરાયા હતા કલાસંઘ એમ.ઓ.યુ. સમિતિના સભ્યો ડો. રમેશ ભટ્ટ, વિશ્રામ ગઢવી, લહેરીકાંત ગરવા, ડો. કોમલબેન સચદેએ આ કરારનો કચ્છી ભાષા સંવર્ધનમાં વધુને વધુ લાભ લેવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કુલપતિ મોહનભાઈ પટેલે સાહિત્ય સેમિનાર પુસ્તક પ્રકાશન સંશોધન ક્ષેત્રે આ કરારને મહત્વનું કદમ ગણાવતા ગુણવત્તા સભર કચ્છી સાહિત્યને વધુને વધુ સ્થાન આપી શકાતા કચ્છી યુનિવર્સિટીના સાહિત્યમાં રસ લેતાં વિદ્યાર્થીઓ સુધી પહોંચવામાં આ કરાર મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં રાજગોર ભરતી મેળો

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, કચ્છ અને આઈ.ટી.આઈ, ભુજના સંયુક્ત ઉપક્રમે 10 નવેમ્બરના સવારે 10 વાગ્યે આઇટીઆઇ ભુજ ખાતે એપ્રેન્ટિસ તથા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોજગાર ભરતીમેળામાં એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ પાસ ઉમેદવારો ભાગ લઈ શકે છે. જેમાં ખાનગી ક્ષેત્રના નોકરીદાતા ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------------